## 1. ટુંકનોંધ લખો : ભારતમાં સામાજિક આર્થિક વિકાસના ધ્યેયો જણાવો.

- વિકાસનો અર્થ છે આત્મનિર્ભરતા, સમાનતા, નિષ્પક્ષતા અને ન્યાય પર આધારિત સમાજ. વિકાસ એટલે માનવમાત્રનો વિકાસ ધ્યેયો :

  (1) રાષ્ટ્રીય આવકમાં વૃદ્ધિ કરવા વિકાસ દર ઊંચો લઈ જવો જોઈએ.

  (2) જુદા જુદા વર્ગો અને વિભાગો, કાર્ય જૂથો વચ્ચે આવકની અસમાનતાને ઓછી કરવી.

  (3) સમાજના મોટાભાગના વ્યાપક હિતાર્થે સંપત્તિ કે ઉત્પાદનના સાધનોનું કેન્દ્રીયકરણ ઘટાડવું.

  (4) ગરીબીનું નિર્મૂલન કરવું.

  (5) રોજગારીમાં વૃદ્ધિ કરવી.

  (6) ગરિમાપૂર્ણ જીવન દરેક મનુષ્ય જીવી શકે તે માટે અનાજ, કપડાં, મકાન, શિક્ષણ અને સ્વાથ્યની વિવિધ જરૂરિયાતો પૂર્ણ કરવી.

  (7) પર્યાવરણની સુરક્ષા અને જતન કરવું.

  (8) રાષ્ટ્રીય અર્થનીતિને બિનજરૂરી નિયંત્રણોથી મુક્ત કરીને આત્મનિર્ભર બનાવી.

  (9) સમાજના અલગ અલગ વર્ગો જેવા કે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અતિ પછાત વર્ગો મહિલાઓ અને બાળકોના વિકાસ સામેના પારંપરિક અવરોધો દૂર કરી તેઓના ઉત્કર્ષ અને વિકાસ અંગે કાર્યક્રમો કરવા. વિકાસ સર્વગ્રાહી ખ્યાલ છે, તેનો હેતુ સામાજિકઆર્થિક વિકાસ થાય તેમાં સમાયેલ છે.

## 2. ટુંકનોંધ લખો : મહિલા સશક્તિકરણ.

- ''સીઓની ઉન્નતિ કે અવનીતિ પર જ રાષ્ટ્રની ઉન્નતિ કે અવનતિ નિર્ભર છે.'' એરિસ્ટોર મહિલાઓને નિર્ણય પ્રક્રિયામાં, તેના ઘડતરમાં અને અમલીકરણમાં ભાગીદારી બનાવીને પંચાયતની પાર્લામેન્ટ સુધી તમામ રાજકીય નિર્ણય લેનાર આ સંસ્થાઓમાં તેમજ સહકારી માળખામાં મહિલાઓની સામેલગીરી કરવાની માંગ એટલે મહિલા સશક્તિકરણ, સશક્તિકરણમાં સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક, ધાર્મિક જેવા તમામ ક્ષેત્રોમાં વિકાસ થવો જોઈએ , 2007માં ભારત રકારે મહિલા સશક્તિકરણની એક રાષ્ટ્રીય નીતિ જાહેર કરી. આ નીતિના ઉદ્દેશો નીચે મુજબ છે.

  (1) વાતાવરણ : હકારાત્મક આર્થિક અને સામાજિક નીતિઓ દ્વારા એવું વાતાવરણ ઊભું કરવાનું છે, કે જેમાં મહિલાઓને સ્વયં પોતાની શક્તિનો પરિશ્ય થવાની તક મળે અને તેઓ પોતાનો સવાંગી વિકાસ કરી શકે છે.

  (2) માનવીય અધિકારો : મહિલાઓ દ્વારા પુરુષોની માફક રાજકીય, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને નાગરિકોના હક સમાન સ્તર પર પ્રાપ્ત થાય. મહિલાઓ માનવીય અધિકારીઓ અને મૌલિક સ્વતંત્રતાનો કાનૂનની મર્યાદામાં રહીને વાસ્તવિક રીતે ઉપયોગ કરે.

  (3) સ્વાથ્ય સંભાળ અને સુરક્ષો : પ્રત્યેક સ્તર પર ઉન્નત શિકયા જીવન અને સ્વાસ્થ વ્યવસાય અંગે માર્ગદર્શન, રોજગા સમાન વેતન, વ્યાવસાયિક સ્વાથ્ય તેમજ સલામતી, સામા, સુિરક્ષા અને સાર્વજનિક જાહેર હોદાઓ પર મહિલાઓને સમાન તકોની ઉપલબ્ધિ માટે પ્રયત્નો કરવામાં આવ્યા છે અને આ માટે મહિલા પોલીસ સ્ટેશનો, મહિલા અદાલતોની વ્યવસ્થા શરૂ કરાઈ છે.

  (4) પ્રભાવશાળી ન્યાયતંત્ર : ન્યાયપ્રક્રિયાને મજબૂત બનાવીને મહિલાઓની વિરુદ્ધના તમામ પ્રકારના ભેદભાવને કાયમ માટે દૂર કરાયા તે માટેના પ્રયત્નો કરે છે. ભારત સરકારે મહિલાઓને પિતૃક સંપત્તિમાં

ભાગીદારી બનાવીને તેમજ જાતીય સતામણીની બાબતમાં પણ સુધારા કરીને મહિલાઓની નોકરીની તકો માટે સુરક્ષા અને સલામતીની જોગવાઈ કરી છે. મહિલાઓના શકિતકરણની દિશામાં સરકાર જે અગત્યની ભૂમિકા ભજવી રહી હોય તેવું પ્રસ્થાપિત થઈ રહ્યું છે.

### 3. ટુંકનોંધ લખો : રાષ્ટ્રીય મહિલા આયોગ.

- ભારત સરકારે 1985માં મહિલા અને બાળ કલ્યાણ વિભાગની રચના કરી, મહિલાઓની આગવી ઓળખ ઉભી કરવા અને વિકાસ સંબંધી વિવિધ જોગવાઈના ઉદેશ સિદ્ધ કરી શકાય તે માટે મહિલા આયોગની રચના કરવામાં આવી.
- મહિલા આયોગની રચના : મહિલાઓના હકો અને કાયદાકીય અધિકારોની સુરક્ષા, સંવર્ધન અને જતન થાય તે માટે 1990માં રાષ્ટ્રિય મહિલા મંચ આયોગની રચના કરવા આવી અને તેના માટે એક કાયદો ઘડવામાં આવ્યો. આ કાયદા અનુસાર 31મી, જાન્યુઆરી 1999 માં રાષ્ટ્રીય મહિલા આયોગની રચના કરાઈ. એક અધ્યક્ષ અને બીજા પાંચ સભ્યો રાષ્ટ્રપતિ દ્વારા નીમાશે. જેનું મુખ્ય કાર્યાલય નવી દિલ્હીમાં છે. મહિલા આયોગના કાર્યો :

  (1) મહિલાઓના હક : મહિલાઓના હિતો, ઉત્કર્ષ અને સુરક્ષા માટેની બાબતોનો સમાવેશ થાય છે.

  (2) મહિલાઓ અંગેના કાયદાઓ સતત આકલન અને સમીક્ષા કરે છે.

  (3) મહિલાઓ પરની વિશિષ્ટ વ્યક્તિગત ફરિયાદોમાં હસ્તક્ષેપ કરે છે.

  (4) જયાં પણ શક્ય હોય ત્યાં મહિલાઓના હિતોની સુરક્ષાના ઉપાયો સૂચવે છે.

### 4. ટુંકનોંધ લખો : પછાત વર્ગોમાં સમાવેશ પામવાના આધારો જણાવો.

- 1953 રચાયેલ પ્રથમ પંચે (કાકાસાહેબ કાલેલકર પંચ) અન્ય પછાત વર્ગોમાં કોનો સમાવેશ થઈ શકે તેના નીચેના આધારો સૂચવ્યા છે. જે નીચે મુજબ છે.

  (1) હિન્દુ સમાજમાં પ્રવર્તમાન જ્ઞાતિની શ્રેણીમાં નીમ્ન સ્થળે સ્થાન.

  (2) જ્ઞાતિઓ કે સમુદાયમાં શિક્ષણની માત્રા ખૂબ જ નહિવત હોય.

  (3) તેવી જ્ઞાતિઓ કે જેઓનું સરકારી સેવાઓ નોકરીઓમાં તેમના પ્રતિનિધિત્વનો અભાવ કે પૂરતું પ્રતિનિધિત્વ ન હોય.

  (4) વેપાર, વાણિજય, ઉદ્યોગ ક્ષેત્રે તેમની ભાગીદારીની માત્રા નહિવતું હોય, તો તેવી જ્ઞાતિઓ કે સમુદાયને અન્ય પછાત વર્ગોમાં સમાવવામાં આવે છે. વર્તમાન સમયમાં ગુજરાતમાં સુખીસંપન્ન જ્ઞાતિ જયારે અન્ય પછાત વર્ગોમાં પોતાનો સમાવેશ કરવા માટે ઉગ્ર આંદોલન કરી રહી છે. ત્યારે આ મુદ્દાઓ ધ્યાનમાં રાખવાનું અનિવાર્ય બને છે.

### 5. ટુંકનોંધ લખો : અન્ય પછાત સમુહ (OBC)

- ભારતમાં અનુસૂચિત જાતિઓ અને અનુસુચિત જનજાતિઓ ઉપરાંત સામાજિક અને આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત સમૂહો છે. તેને અન્ય પછાત વર્ગો તરીકે ઓળખવામાં આવે છે. આવા સમુહના વિકાસ માટે કેન્દ્ર અને રાજય સરકારો પંચોની નિયુક્તિ કરે છે, ભારત સરકારે અન્ય પછાત વર્ગો માટે 1953માં કાકાસાહેબ કાલેલકરના અધ્યક્ષ પદે એક પંચ નીમ્યું.

- ત્યાર પછી 1978માં બિન્દશ્વરી પ્રસાદ મંડલની સ્થાપના કરી. મંડલપંચની ભલામણોને આધારે 1990માં ભારતના વડાપ્રધાન શ્રી વી.પી. સિંઘે મંડલ પંચની ભલામણોનો સ્વીકાર કર્યો. 1992 કેન્દ્ર સરકારે પછાત વર્ગોના બાળકો માટેના નાણાં અને વિકાસ સંબંધી કોર્પોરેશનની રચના કરી છે.
- જે અન્ય પછાત જાતિના બાળકો માટે શિષ્યવૃત્તિ, છાત્રાલયની સગવડ, જાહેર પરીક્ષાઓ માટે કોચિંગની સગવડ તથા આ ક્ષેત્રોમાં કામ કરતી સ્વૈચ્છિક સંગઠનોની મદદ કરવાનું કાર્ય કરે છે. ગુજરાત સરકારે અન્ય પછાત વર્ગો માટે 1973માં બક્ષીપંચની નિમણૂક કરી અને આ પંચની ભલામણોનો ગુજરાત સરકારે સ્વીકાર કર્યો છે.

### 6. ટુંકનોંધ લખો : જિલ્લા વિકાસ એજન્સીની ભૂમિકા.

- મહાત્મા ગાંધીજીએ લોકશાહીના વિકેન્દ્રીકરણ અને નિમ્નસ્તરના લોકોના સશક્તિકરણ ઉપર ભાર મૂક્યો હતો, તેના સંદર્ભે 1957માં રચાયેલ સ્વ, બળવંતરાય મહેતા સમીતિની ભલામણથી ભારતમાં ત્રિસ્તરીય પંચાયતીરાજ વ્યવસ્થા શરૂ કરાઈ.
- 1978માં સરકારે પંચાયતી રાજનના મૂલ્યાંકન માટે અશોક મહેતા સમિતિ નીમી આ સમીતિએ રાજયસ્તરે વિકેન્દ્રીકરણના પ્રથમ બિંદુ તરીકે જીલ્લા કક્ષાની ભલામણ કરી. જીલ્લા વિકાસ એજન્સીનું મહત્ત્વ નીચેના કારણોસર અગત્યનું છે.

  (1) જીલ્લો સ્થાનિક લોકોની નિટકનું એકમ છે.

  (2) તે આયોજન એકમ તરીકે કામ કરી શકે એટલો વિસ્તૃત છે.

  (3) ઐતહાસિક કારણોસર અને વિવિધ વિભાગોના દફતરો અને રેકોર્સ જીલ્લા કક્ષાએ હોય છે.

  (4) જીલ્લા વહીવટથી લોકો પરિચિત હોવાથી આયોજન અને વિકાસનું કામ પણ છેલ્લા દ્વારા યોગ્ય રીતે થઈ શકે છે.
- જીલ્લા વિકાસ એજન્સીઓ નીચે મુજબના વિવિધ કાર્યો કરવાના હોય છે.

  (1) સ્થાનિક વિસ્તારની આવશ્યકતાઓ અને ઉદ્યોગોને નિશ્ચિત સ્વરૂપ આપવું દા.ત. રોજગારી સર્જન.

  (2) જીલ્લાના કુદરતી અને માનવિય વિકાસની સૂચિત ક્રમિકતા બનાવવી.

  (3) જીલ્લા કક્ષાએ યોજનાઓનું ઘડતર અને તેનું અમલીકરણ કરવું.

  (4) જીલ્લા યોજનાઓ, કાર્યક્રમોનું પુનઃઅવલોકન અને નિરીક્ષણ કરવું. તેનું સતત આકલન, સમીક્ષા અને તે પર સતત દેખરેખ રાખવી. જીલ્લા વિકાસ એજન્સીઓ ગતિશીલ બને તે માટે જીલ્લા પચંયાતો, તાલુકા પંચાયતો, નગર અને મહાનગર પાલિકાઓ જે તે વિસ્તારના વિધાન સભ્યો અને સાંસદ, કામદાર મંડળના પ્રતિનિધિઓ, ઉદ્યોગ સાહસિકો અને બૅન્કના પ્રતિનિધિઓનો સમાવેશ આ એજન્સીમાં કરવામાં આવ્યો છે.

  જીલ્લા વિકાસ એજન્સીઓ ગતિશીલ બને તે માટે જીલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો, નગર અને મહાનગર પાલિકાઓ જે તે વિસ્તારના વિધાનસભ્યો અને સાંસદ, કામદાર મંડળના પ્રતિનિધિઓ, ઉદ્યોગ સાહસિકો અને બેન્કના પ્રતિનિધિઓનો સમાવેશ આ એજન્સીમાં કરવામાં આવ્યો છે. જીલ્લા વિકાસ એજન્સીઓ વર્તમાન સમયમાં જીલ્લા સચિવાલય કે સેવાસદન સ્વરૂપે નોંધપાત્ર કામગીરી કરી રહી છે.

7. ટુંકનોંધ લખો : અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિકાસની જોગવાઈઓ.

- અનુસૂચિત જાતિ (SC) : ભારતની જ્ઞાતિ વ્યવસ્થામાં અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓને બંધારણમાં અનુસૂચિત જાતિઓ તરીકે ઓળખવામાં આવેલ છે. દેશની 16.6 % વસ્તી અનુસૂચિત જાતિઓની છે. તેઓના ઉત્કર્ષમાં ધર્મ સુધારકો, સમાજ સુધારકો અને સ્વતંત્ર સંગ્રામના નેતાઓએ અનેક પ્રયત્નો કર્યા છે. હવે ભારત સરકાર પોતાની વિવિધ યોજનાઓ દ્વારા તેઓના વિકાસનાં માર્ગ તૈયાર કરે છે.
- અનુસુચીત જનજાતિઓ (ST) : સદીઓથી જંગલો, ડુંગરો અને અંતરિયાળ પ્રદેશોમાં રહેતા લોકો (આદિવાસી)ને બંધારણમાં અનુસુચીત જનજાતિ તરીકે ઉલ્લેખ કરેલ છે. દેશની 8.6 % વસ્તી કે જે સામાજિક આર્થિક દૃષ્ટિએ ઘણી જ પાછળ છે. તેના વિકાસ માટે સરકારશ્રી અનેક યોજનાઓ અમલમાં મુકી છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓના વિકાસ માટેની જોગવાઈઓ.

  (1) બંધારણની કલમ 17 મુજબ અસ્પૃશ્યતાની નાબુદી.

  (2) 1995 માં અસ્પૃશ્યતાને ગુનો જાહેર કરતો કાયદો મંજૂર કરાયો, 1976 માં તેનો વ્યાપ વધાર્યો.

  (3) 1986 માં અનુસૂચિત જાતિ અને જનજાતિઓ સામેના અત્યાચારો રોકતો કાયદો ઘડાયો.

  (4) સમાનતાનો મૂળભૂત હક ભારતના તમામ નાગરિકોને માટે એક સમાન.

  (5) રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો આ સમૂહોના રક્ષણ અને કલ્યાણ માટે રાજયને માર્ગદર્શન આપે છે.

  (6) લોકસભા અને વિધાનસભાઓનાં વસ્તીને આધારે અનામત બેઠકો નક્કી કરવામાં આવેલ છે.

  (7) SC અને ST માટે સરકારી નોકરીઓમાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં પણ તેમને માટે અનામત બેઠકો રચાઈ છે.

  (8) 2003 માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ માટે અલગ રાષ્ટ્રીય પંચો બનાવ્યા.

  (9) કેન્દ્ર સરકારના ભૂરિયા સમિતિ રીપોર્ટને આધારે અનુસૂચિત જનજાતિઓના લોકોના કુદરતી સંસાધનો ઉપર તેઓના અગ્રીમ હક્કો અને 50 % થી વધુ વસ્તીવાળા અનુસૂચિત જનજાતિઓ વાળા વિસ્તારોમાં પંચાયતોમાં સરપંચ, પ્રમુખ અને ઉપસરપંચના હોદા તેઓ માટે અનામત રાખવાની જોગવાઈ કરેલ છે.

8. ટુંકનોંધ લખો : મહિલા સશક્તિકરણ.

- પોતાના હકો તથા હિતોની જાળવણી માટે બીજા પર આધાર ન રાખે અને વ્યક્તિ જાતે સ્વાવલંબી બને તેને સશક્તિકરણ કહેવાય. 'મહિલાઓને નિર્ણય પ્રક્રિયાના ઘડતરમાં અને તેના અમલમાં ભાગીદાર બનાવી પંચાયતથી પાર્લામેન્ટ સુધીની તમામ રાજકીય નિર્ણય લેનાર સંસ્થાઓમાં તેમજ સરકારી માળખામાં મહિલાઓની સામેલગીરી કરવાની માંગ એટલે "મહિલા સશક્તિકરણ." આ સશક્તિકરણ સામાજીક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક. ધાર્મિક એવા તમામ સ્તરે થવું જોઈએ. મહિલા સશક્તિકરણ એક પ્રક્રિયા છે. જે મહિલાઓને પોતાના હકો દ્વારા પોતાની સમસ્યાઓના સામના માટે તૈયાર કરે છે. મહિલા સશક્તિકરણ ક્ષેત્રે વિવિધ સરકારોએ અસરકારક પગલાં ભરેલ છે. જેમાં,

  (1) રાષ્ટ્રીય મહિલા પંચની સ્થાપના : 1990માં સંસદે "રાષ્ટ્રીય મહિલા પંચ"ની સ્થાપના કરી.

  (2) મહિલા પંચ : 1992 માં સ્થપાયેલ મહિલા પંચ મહિલાઓના વિકાસ અને સુરક્ષા માટે ચિંતન કરી સરકારને સૂચનો આપે છે. જે અંતર્ગત બંધારણીય સુધારા 73 અને 74માં મહિલાઓને સ્થાનિક સરકારોમાં 33 % બેઠકો અને હોદાઓ અપાયા. (ગુજરાત સરકારે 2015માં આ બેઠકો 50 %ની કરી છે.)

(3) મહિલા સશક્તિકરણ નીતિની જાહેરાત : 2001 માં કેન્દ્ર સરકારે મહિલાઓના સર્વાંગી વિકાસ માટે આ નીતિની જાહેરાત કરી. જેમાં મહિલાઓ માટે આર્થિક  સામાજિક વાતાવરણનું નિર્માણ કરવું, માનવીય અધિકારો, સ્વાચ્ય  સંભાળ  સુરક્ષા, પ્રભાવશાળી ન્યાય પ્રથા પર ભાર મૂકવામાં આવ્યો. 2002 માં ''મહિલા સશક્તિકરણ'' વર્ષની ઉજવણી કરાઈ. સરકાર મહિલાઓના ઉત્કર્ષ માટે સતત પ્રયત્ન કરે છે. છતાં 2011ની માહિતી મુજબ મહિલાઓ અને પુરુષો વચ્ચેની સંખ્યામાં તફાવત (1000 પુરુષો સામે માત્ર 919 સ્ત્રીઓ) અને સાક્ષરતાનો દરમાં જોવા મળતો મોટો તફાવત (પુરુષોના 82.14 % સાક્ષરતા દર સામે સ્ત્રીમાં આ દર 65.46 % છે.) દર્શાવે છે કે મહિલા સશક્તિકરણની પ્રક્રિયા વધુ ઘનિષ્ઠ બનાવવી પડશે.

### 9. ટુંકનોંધ લખો : મહિલા કલ્યાણના કાર્યક્રમો

- મહિલા કલ્યાણ અને વિકાસ માટેના પ્રયાસો બે સ્વરૂપે થાય છે.

  (1) કાયદાઓના ઘડતર અને તેના અમલ દ્વારા.

  (2) કલ્યાણકારી કાર્યક્રમોના ઘડતર અને તેના અમલ દ્વારા. મહિલાઓના કલ્યામ કારી કાર્યક્રમોમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ નીચે મુજબના વિવિધ કાર્યક્રમો તૈયાર કરેલ છે.

- (અ) કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકાયેલ કાર્યક્રમો :

  (1) કેન્દ્રીય સામાજીક કલ્યાણ સમિતિ : 1953માં કેન્દ્ર સરકારે મહિલા કલ્યાણ અંગેના કાર્યરત- કાર્યક્રમોના નિરીક્ષણ માટે આ સંસ્થા શરૂ કરી.

  (2) મહિલા અને બાળવિકાસ વિભાગ : 1995માં કેન્દ્ર સરકારે મહિલા અને બાળવિકાસ વિભાગ કાર્યરત કર્યા.

  (3) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ : 1986માં કન્યા કેળવણી અને મહિલા સ્વરોજગારીને પ્રોત્સાહન આપવા માટે ''રાષ્ટ્રીય શિક્ષણ નીતિ'' અમલમાં મૂકાઈ.

  (4) ગ્રામીણ મહિલા વિકાસ અને સશક્તિકરણ યોજના : 1998માં ગ્રામ્યસ્તરની મહિલાઓ માટે સ્વાવલંબનલક્ષી કાર્યક્રમના ભાગરૂપે ઉપરોક્ત યોજનાની સ્થાપના કરાઈ.

- (બ) ગુજરાત સરકાર દ્વારા અમલમાં મૂકાયેલ યોજનાઓ :

  (1) અભયમ્ : 2015માં ગુજરાત સરકારે મહિલાઓની સુરક્ષા માટે વિશેષ હેલ્પલાઈન સેવા 181 શરૂ કરી છે.

  (2) કન્યા કેળવણી : ગુજરાત રાજયમાં પ્રાથમિક શાળાથી માંડી
  અનુસ્નાતક કક્ષા સુધી નિઃશુલ્ક શિક્ષક આપતી યોજના.

  (3) વર્તમાન સમયમાં કાર્યરત યોજનાઓ : મહિલા ઉદ્યોગ તાલીમ યોજના સખીમંડળ યોજના કુંવરબાઈનું મામેરું યોજના સ્વયંસિદ્ધિ યોજના બેટી બચાવો યોજના શક્તિમંડળ યોજના મહિલા વૃદ્ધાશ્રમ કૃષિતાલીમ યોજના ચિરંજીવ યોજના સરસ્વતી સાધના યોજના કિશોરી શક્તિ યોજના માતૃવંદના યોજના બાલિકા સમૃદ્ધ યોજના નારી અદાલત